## મિશન મધમાખી અંતર્ગત “મધમાખી પાલન” અંગેનો બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા “મિશન મધમાખી” યોજના અંતર્ગત મધમાખી પાલન અંગેનો બે દિવસીય તાલીમ કાર્યક્રમ તા. ૧૬/૦૨/૨૦૨૬ અને ૧૭/૦૨/૨૦૨૬ દરમ્યાન ડૉ. કે. બી. કથીરીયા, માનનીય કુલપતિશ્રી, આકૃયુ, આણંદના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાતના જુદા જુદા જીલ્લાના અલગ અલગ ગામોના કુલ ૩૧ ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધેલ. તાલીમ કાર્યક્રમની શરૂઆતમાં આણંદ જીલ્લા બાગાયત અધિકારી, ડૉ. સ્મિતાબેન પિલ્લાઇએ બાગાયત ખાતાની વિવિધ વિકાસલક્ષી યોજના અંગે જણાવેલ. વધુમાં તેઓએ મધમાખી પાલન શરૂ કરવા ઇચ્છતા ખેડૂતને સહાય કઈ રીતે મળી શકે તે અંગે વિસ્તુતમાં માહિતી આપી હતી. વિભાગીય વડા, ડૉ. ડી. બી. સિસોદિયાએ તાલીમ દરમ્યાન મેળવેલ માહિતીનો ઉપયોગ કરી મધમાખી પાલન કરવા તથા કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અન્ય તાલીમ કાર્યક્રમોનો લાભ લેવા આહવાન કરેલ તેમજ મધમાખીની જુદી-જુદી જાતિઓનો અભ્યાસ અંગે તાલિમાર્થીઓને માહિતગાર કર્યા હતા.

ડૉ. એન. એસ. ચૌધરીએ મધમાખી પાલનમાં વપરાતા જુદા જુદા સાધનો નો ઉપયોગ વિષે જ્યારે ડૉ. આર. સી. ઝાલા એ ધુસ્યા મધમાખીનો (સ્ટીંગલેસ બી) મધમાખી પાલનમાં કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે વિગતવાર સમજાવેલ. આ ઉપરાંત ડૉ. દીપેન પટેલ દ્વારા મધમાખી પાલનમાથી મળતી વિવિધ પેદાશો અને તેના મુલ્યવર્ધન વિષે સમજાવેલ.

ડૉ. એચ. સી. પટેલ દ્વારા મધમાખી પાલન માટે જરૂરી પરાગરજ અને મધુરસ પુરી પાડતી વનસ્પતિઓ અંગે વિગતવાર ચર્ચા કરેલ. મીનાક્ષી લુણાગરીયાએ ગુજરાતમાં મધમાખી પાલનની સમસ્યા અને તેના નિવારણ વિષે વિસ્તૃત માહિતી આપેલ.

આમ, સમગ્ર કાર્યક્રમ દરમ્યાન તાલીમાર્થીઓને અલગ અલગ વિષય નિષ્ણાંતો દ્વારા મધમાખીથી થતા પરાગનયનની અગત્યતા તેમજ તેનાથી થતા પાક ઉત્પાદન, પરંપરાગત અને વૈજ્ઞાનિક ઢબે થતા મધમાખી પાલન અને મધની ગુણવત્તા તેમજ વિવિધ પ્રકારના મધની ફ્લેવર્સ વિષે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આ ઉપરાંત તાલીમના બીજા દિવસે ખેડૂત ભાઈઓ-બહેનોને પ્રત્યક્ષ પ્રાયોગિક માહિતી મળી રહે તે માટે  નવસારી જીલ્લાના સોલધરા ગામના સફળ મધમાખી પાલક શ્રી અશોકભાઈ પટેલના મધમાખી ઉછેર કેન્દ્રની મુલાકાત લીધેલ અને તાલીમ કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો.




મધમાખી વસાહતના સભ્યો
9










અંતર્ગત આયોજીત
તાલીમ કાર્યક્રમ
મધમાખી પાલન
ANUBHAV HONEY
AAU
-: આયોજક :-
કીટકશાસ્ત્ર વિભાગ
બં. અ. કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ

PTO